## પરિશિષ્ટ-2

## GUJCET-2021 માટે ONLINE અરજી કરવા માટેની સૂચનાઓ :-

GUJCET-2021 માં ઉપસ્થિત થવા માગતા ઉમેદવારે ઓનલાઇન આવેદનપત્ર ભરવું ફરજિયાત છે.

GUJCET-2021 માટે આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા મુખ્ય ચાર ભાગમાં વહેંચાયેલી છે.

(1) રજીસ્ટ્રેશન (2) લોગીન (3) પેમેન્ટ અને (4) આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા.

ઉપરોક્ત તમામ કામગીરી માટેની માહિતી નીચે મુજબ રહેશે.

1) **Registration કરવા માટેની પ્રક્રિયા:-**

ઉમેદવારે gseb.org અથવા gujcet.gseb.org વેબસાઇટ ઓપન કરવી. ત્યારબાદ લોગીન કરવું. પ્રથમવાર લોગીન કરવા માટે ઉમેદવારે રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. "Registration" કરવા માટે "Registration" અથવા "New Candidate Registration" પર ક્લિક કરવું. જેમાં નીચે મુજબની વિગત ભરી Registration કરવાનું રહેશે.

i. Surname ના ખાનામાં અટક દર્શાવવાની રહેશે.

ii. Student Name ના ખાનામાં ઉમેદવારનું નામ દર્શાવવાનું રહેશે.

iii Guardian Name ના ખાનામાં વાલીનું / પિતાનું નામ દર્શાવવાનું રહેશે.

**અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ખાસ નોંધ :** ઉપરોક્ત નામની વિગત આપના ધોરણ-12ની પરીક્ષાના આવેદનપત્ર મુજબની ભરવાની રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય બોર્ડના ઉમેદવારોએ પોતાના બોર્ડના ધોરણ-12ની પરીક્ષાના આવેદનપત્ર (ઉમેદવારીપત્ર) મુજબ ભરવાનું રહેશે. જેમાં તે Surname માં First Name અને Guardian Nameના ખાનામાં પોતાનું Last Name ભરી શકાશે. [જ્યાં પિતા/વાલીનું નામ કે અટક ન લખવાની હોય ત્યાં પૂર્ણ વિરામ (.) સંજ્ઞા વાપરવી.]

iv. પોતાનું Gender એટલે કે જાતિ દર્શાવવાની રહેશે.

   a. પુરુષ માટે Male દર્શાવવાનું રહેશે અને

   b. સ્ત્રી માટે Female દર્શાવવાનું રહેશે.

v. Mobile Numberના ખાનામાં 10 આંકડાનો મોબાઈલ નંબર ભરવાનો રહેશે. (એક મોબાઇલ નંબરનો ઉપયોગ એકવાર રજીસ્ટ્રેશન કરવા માટે જ ઉપયોગમાં લઈ શકાશે.)

vi. Email Id ના ખાનામાં Email Id દર્શાવવાનું રહેશે. (એક Email Id નો ઉપયોગ એકવાર રજીસ્ટ્રેશન કરવા માટે જ ઉપયોગમાં લઈ શકાશે.)

vii. Confirm Email ID ના ખાનામાં ફરીથી એ જ Email ID દર્શાવવાનું રહેશે.

viii. ત્યારબાદ ૮ આંકડાનો પાસવર્ડ ભરવાનો રહેશે જેમાં

1 (એક) Capital Letter, 1(એક) Small letter, 1(એક) NUMBER, 1 (એક) Special Character ("@,#,$,%") હોવું ફરજિયાત છે.

ઉ.દા. તરીકે : Exampl@1

ત્યારબાદ ચિત્રમાં દર્શાવેલ કોડ ભરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ આપના દ્વારા દર્શાવવામાં આવેલ મોબાઇલ નંબર પર એક 5 આંકડાનો OTP (One Time Password) આવશે. OTP Submit કરવાથી Registration ની પ્રક્રિયા પૂર્ણ થશે.

2) **Loginની પ્રક્રિયા :-**

વેબસાઇટના મુખ્ય પેજ પર મોબાઇલ નંબર અને પાસવર્ડ અને ચિત્રમાં દર્શાવેલ કોડ દ્વારા લોગીન (Login) કરી Payment તથા આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા કરવાની રહેશે. જો કોઈ ખાસ કિસ્સામાં પાસવર્ડ ભૂલી ગયા હોય તો Forgot Password પર ક્લિક કરવાથી પાસવર્ડ મોબાઇલ પર મેળવી શકાશે.

**3) Paymentની પ્રક્રિયા :-**

SBIePay System મારફતે ગુજકેટની નિયત ફી રૂ. 300/- Online (Credit card, Debit card, Net Banking ) દ્વારા ભરી શકાશે.) અથવા SBIePay ના "SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઈ પણ SBI Branch દ્વારા દેશની કોઈ પણ SBI Branchમાં પણ ભરી શકાશે. Payment successfully પૂર્ણ થયું હશે તો જ આવેદનપત્ર (Application) ભરવા માટેનો વિકલ્પ (Option) દેખાશે. Payment ની પ્રક્રિયા બાકી હશે અથવા Fail હશે તો આવેદનપત્ર (Application) ભરી શકાશે નહીં.

**4) આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા:-**

A. સૌ પ્રથમ ઓન-લાઇન એપ્લીકેશન ફોર્મમાં ઉમેદવારનું નામ (અટક, નામ અને પિતાનું નામ) દર્શાવવાનું રહેશે. (રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન નામ લખવામાં ભૂલ થઈ હોય તો આવેદનપત્ર (ફોર્મ) ભરતા સમયે સુધારી શકાશે.)

B. ઉમેદવારે Date of Birthના ખાનામાં જન્મ તારીખ દર્શાવવાની રહેશે.

C. ઉમેદવારે Genderના આપેલ વિકલ્પો Male/Female પૈકી લાગુ પડતા કોઈ એક પર ક્લિક કરવાનું રહેશે.

D. ઉમેદવાર Physically Handicapped હોય તો ● Yes પર ક્લિક કરી તે કયા પ્રકારનો Handicape તે બાબતે યોગ્ય વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે. (કોઈ એક જ વિકલ્પ પર ક્લિક કરી શકાશે.)

E. ઉમેદવારે Cast દર્શાવતા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે.

F. ઉમેદવારે Address ના ખાનામાં પોતાનું સંપૂર્ણ સરનામું દર્શાવવાનું રહેશે. બોર્ડ દ્વારા પત્રવ્યવહાર માટે આ સરનામાનો ઉપયોગ કરવામાં આવશે માટે તેની વિગતો પીનકોડ અને રાજ્યના નામ સહિત સંપૂર્ણ વિગત ધ્યાનથી ભરવી.

G. ઉમેદવારે પોતાનો ઘરનો Landline Number પણ દર્શાવવાનો રહેશે. (ફરજિયાત નથી.)

H. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉમેદવારોએ બોર્ડ કોડ "01" દર્શાવવાનો રહેશે. અન્ય બોર્ડના ઉમેદવારોએ માહિતી પુસ્તિકામાં આપેલ બોર્ડની યાદી મુજબ દર્શાવેલ બોર્ડ કોડ દર્શાવવાનો રહેશે.

I. બોર્ડ-કોડ 01 હશે તો ઉચ્ચતર માધ્યમિક શાળાનો (વિજ્ઞાનપ્રવાહનો) School Index No. તથા ઉપસ્થિત થવાનું વર્ષ ભરવાથી ઉમેદવારને મળવાપાત્ર કેન્દ્રનો નંબર અને નામ આપોઆપ પસંદ કરશે. દા.ત.01.016 Index No.ધરાવતી શાળાને 201 (અમદાવાદ શહેર) કેન્દ્ર મળશે. (School Index No. ભરવાથી શાળાનું નામ આપોઆપ દેખાશે.)

J. જો બોર્ડ કોડ 01 હોય અને School Index No. નો જિલ્લાનો ક્રમાંક 20 હશે તો ઉમેદવારને 207 (જૂનાગઢ) અથવા 216(વલસાડ) પૈકી કોઈ એક કેન્દ્ર પર ક્લિક કરી કેન્દ્ર પસંદ કરવાનું રહેશે.

K. જો બોર્ડ-કોડ 01 સિવાયનું અન્ય બોર્ડ હોય તો ઉમેદવારે કોઈ એક કેન્દ્ર પર ક્લિક કરી કેન્દ્ર પસંદ કરવાનું રહેશે.

L. કેન્દ્ર પસંદ કરવું ફરજિયાત છે. કેન્દ્ર પસંદ કરી ફોર્મ સબમીટ કર્યા બાદ કોઈ ફેરફાર કરી શકાશે નહીં, કે બોર્ડ દ્વારા પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

M. પરીક્ષાલક્ષી માહિતીમાં એચ.એસ.સી. (ધોરણ-12) વિજ્ઞાન પ્રવાહમાં (માર્ચની પરીક્ષામાં) પરીક્ષાર્થી તરીકે ઉપસ્થિત થવાનું વર્ષ દર્શાવવાનું રહેશે.

N. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉમેદવાર જે વર્ષ 2014 પહેલા પરીક્ષામાં પાસ થયા હોય તેઓએ પરીક્ષાનો બેઠક નંબર (સીટ નંબર) ભરવાનો રહેશે. વર્ષ-2014 અને ત્યારબાદથી 2020 સુધીની પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય તેવા ઉમેદવારોએ SID NUMBER ભરવાનો રહેશે. ઉ.દા. (17V-11111). વર્ષ-2021 માં પ્રથમવાર ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનો ધોરણ-12નો એપ્લીકેશન નંબર (Application Number) દર્શાવવાનો રહેશે. (ઉ.દા. HS/RG/00/000/01/20/000000)

O. બોર્ડ-કોડ 01 સિવાયના એટલે કે અન્ય બોર્ડના ઉમેદવાર હોય તો તેવા વિદ્યાર્થીઓએ SID નંબર અને સીટ નંબર દર્શાવવાના રહેતા નથી.

P. ઉમેદવારે પોતે 'A', 'B', કે 'AB' પૈકી કોઈ એક ગ્રુપ પસંદ કરી તેની ઉપર ક્લિક કરવાનું રહેશે.

Q. ઉમેદવારે Medium ની વિગત ભરવા માટે Gujarati, Hindi અને English પૈકી કોઈ એક પર ક્લિક કરવાનું રહેશે. પરીક્ષા ઉમેદવારને તે જ માધ્યમના પ્રશ્નપત્રો મળશે.

R. ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ JPG ફોર્મેટમાં વધુમાં વધુ 50 KB ની સાઈઝમાં અપલોડ કરવાનો રહેશે. (Deimension 120 Px X 120 Px)

S. ઉમેદવારે પોતાની સહી કરીને સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે. વધુમાં વધુ 50 અને JPG ફોર્મેટ રહેશે. (Deimension 120 Px X 120 Px)

T. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકની તમામ વિગતો ભર્યા બાદ Save બટન પર ક્લિક કરવાનું રહેશે. Save બટન પર ક્લિક કરવાથી તમામ માહિતી Save કરી શકાશે.

U. ત્યારબાદ ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકની તમામ વિગતો પુનઃ ચકાસી લેવી ત્યારબાદ જ Submit બટન પર ક્લિક કરી પોતાની અરજી Submit કરી શકશે અને દરેક ઉમેદવારે પોતાનો અરજીક્રમાંક નંબર સાચવીને રાખવો જરૂરી છે. (Submit કર્યાબાદ આવેદનપત્રમાં કોઈ સુધારો કરી શકાશે નહી)

●●●